# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૨/કવા–૦૨/૧૬–૧૭/ ~~૨૫૭૭~~ 2439 તા. 20/06/16

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
એચ.કે.ભાર્ગવ,
રહે. બી/ ૫–વિકાસ કોલોની,
ગૌશાળા સામે, કાલાવડ (શીતલા),
જી.જામનગર
મો: ૭૮૭૮૩૯૯૯૭૬

વિષય :–વીજજોડાણ ચાલુ કરવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૯–૦૭–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૨/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સહી) 20

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–.૪.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કાલાવડ (ઈસ્ટ)

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૪૨/કવા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા. ૧૨–૦૯–૧૬ | સ્થળ :–જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: એચ.કે.ભાર્ગવ, ગામ: જામનગર,**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી હીરાલાલ કલ્યાણભાઈ ભાર્ગવ હાજર રહેલ હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કાલાવડ (ઈસ્ટ) (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)**

**રજુઆત કરનાર :એચ.એસ.દુધાગરા, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર**

## : હુકમ :

**ફરીયાદ : વીજજોડાણ ચાલુ કરવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧.૧** | અરજદાર જણાવે છે કે,તેમના ગામઃ વિરવાવ ખાતે ના, તેમના પત્ની શ્રી ઉષાબેન આલાભાઈ ડાભી ના નામની, એસ.સી. કેટેગરી હેઠળ નોંધાયેલ, નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી મંજુર થતા, મંજુરી અન્વયે નુ ભાવપત્રક તેઓએ તા.૨૧–૦૬–૧૬ ના રોજ ભરપાઈ કરી અને તા.૨૨–૦૬–૧૬ ના રોજ કરારનામુ કરી આપેલ છે. વીજલાઈન ઉભી કરવાના થાંભલા પણ, માંગણી મુજબ ના સ્થળ પર ઉતારવામા આવેલ છે. પરંતુ, થાંભલા ઉભા કરી, વીજતાર બાંધી, ટ્રાન્સફોર્મર ઉભુ કરી અને લાઈનચાર્જ કરી અને જોડાણ આપવાની કાર્યવાહી, જે એસ.સી. કેટેગરી હેઠળ નોંધાયેલ આ જોડાણ ને, સરકાર શ્રી ના માર્ગદર્શન અન્વયે ની જોગવાઈ હેઠળ, જોડાણ અગ્રીમતા ના ધોરણે ચાલુ થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ની, શ્રીમતી ઉષાબેન આલાભાઈ ડાભી ના નામની, તેમના ગામઃ વિરવાવ (કાલાવડ) ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૩૦૧ મા, અગાઉ તા.૧૭–૦૨–૧૪ ના રોજ નોંધાયેલ, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી ને, પીજીવીસીએલ ની સબંધક કાલાવડ (ઈસ્ટ) પેટા વિભાગીય કચેરી તરફથી – અરજદાર શ્રી, એસસી કેટેગરી હેઠળ ના હોય – સરકારશ્રી ના ધારાધોરણ અન્વયે, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન પ્રણાલી મુજબ – એસસી કેટેગરી હેઠળ ના સદર અરજદાર શ્રીમતી ઉષાબેન આલાભાઈ ડાભી ના નામની અરજી ને – પ્રતિવર્ષ ૭.૫% રીઝર્વેશન અન્વયે ની – જંમ્પીગ પ્રાયોરીટી આપી, અને જંમ્પીગ પ્રાયોરીટી ના ક્રમ હેઠળ નોંધી, જંમ્પીગ (અગ્રીમતા) પ્રાયોરીટી નો ક્રમ આવતા, સદર એસ.સી. કેટેગરી હેઠળ ના અરજદાર શ્રીમતી ઉષાબેન આલાભાઈ ડાભી ને, પીજીવીસીએલ તરફથી, ૭.૫% રીઝર્વેશન ની નિતિ હેઠળ, તેઓ શ્રી ની, તા.૧૭–૦૨–૧૪ ની અરજી ને, જંમ્પીગ (અગ્રીમતા) પ્રાયોરીટી હેઠળ આવરી લેવાયેલ હતી. અને, જંમ્પીગ (અગ્રીમતા) પ્રાયોરીટી હેઠળ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ અન્વયે સ્થળ સર્વેક્ષણ કરી, તાંત્રીક મંજુરી મેળવી, અને ૭.૫% રીઝર્વેશન કેટેગરી હેઠળ ની મંજુરી અન્વયે નુ, રૂ.૭,૮૫૩/– નુ ભાવપત્રક નં. : ૧૮૭૨, તા.૧૦–૦૬–૧૬થી આપવામા આવેલ હતુ. જેની રકમ અરજદારે તા.૨૧–૦૬–૧૬ ના રોજ પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા ભરપાઈ કરી આપેલ છે. તેમજ, તા.૨૨–૦૬–૧૬ ના રોજ કરારનામુ પણ કરી આપેલ છે. આમ, સદર અરજી ને, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી ની અગ્રીમતા હેઠળ, પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી મુજબ મંજુર કરાયેલ છે. |
| **૨.૨** | ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી ની અગ્રીમતા હેઠળ મંજુર કરાયેલ અરજદાર શ્રી ની સદર મંજુર કરાયેલ અરજી ને, અન્ય સામાન્ય કેટેગરી હેઠળ ની, સામાન્ય એવી " પેઈડ પેન્ડીગ પ્રાયોરીટી " હેઠળ સમાવવામા આવેલ છે. સબંધક પેટા વિભાગીય કચેરી મા, તા.૨૦–૦૧–૧૬ થી, આજદિન સુધી, આ મુજબ ના કુલ ૧૦૮ મંજુર કરાયેલ જોડાણો, જે " પેઈડ પેન્ડીગ પ્રાયોરીટી " હેઠળ ના છે. જેથી, અરજદાર શ્રી ની, તા.૨૧–૦૬–૧૬ ની "પેઈડ પેન્ડીગ પ્રાયોરીટી" વાળી અરજી નો ક્રમ આવ્યે, અરજદાર શ્રી ને, ૭.૫% રીઝર્વ કેટેગરી હેઠળ નવુ ખેતીવાડી વીજજોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરવામા આવશે. |

| | |
|---|---|
| **૨.૩** | ફોરમ સમક્ષ ના ફરીયાદી શ્રી ની, ફોરમ સમક્ષ ની અરજી મા કરાયેલ મુખ્ય માંગણી મુજબ, તેમના તા.૨૧–૦૬–૧૬ ની પેઈડ પેન્ડીગ અરજી ને, '' માત્ર પેઈડ પેન્ડીગ પ્રાયોરીટી હેઠળ ની, અન્ય સામાન્ય કેટેગરી હેઠળ ના નવા જોડાણકારો સાથે ની, સામાન્ય પ્રાયોરીટી હેઠળ નહી" – પરંતુ, સરકાર શ્રી ના માર્ગદર્શન અન્વયે ની જોગવાઈ મુજબ, આ મુજબ ના એસસી કેટેગરી ની ૭.૫% રીઝર્વ કેટેગરી હેઠળ, જે તે વર્ષ દરમ્યાન, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ ના કવોટા મા સમાવિષ્ટ કરી, અને તે મુજબ, આ કેટેગરી ની, પેઈડ પેન્ડીગ ની અલગ પ્રાયોરીટી બનાવી, અને જે તે વર્ષ ના, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી ના લક્ષ્યાંક પ્રમાણે અગ્રીમતા ના ધોરણે સમાવી, અને તે મુજબ તેઓ શ્રી નુ જોડાણ, અગ્રીમતાના ધોરણે ચાલુ કરવાની અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુખ્ય વિનંતી છે. |
| **૨.૪** | પરંતુ, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ નિયમાધીન પ્રણાલી મુજબ, સદર પ્રકાર ના, – ૭.૫% રીઝર્વ કેટેગરી હેઠળ ની અરજીઓને, અગ્રીમતા હેઠળ આવરી લઈ, અને માત્ર જોડાણ મંજુરી અન્વયે નુ, અગ્રીમતા હેઠળ ભાવપત્રક આપવાની જોગવાઈ છે. આવી કેટેગરી ના જોડાણો ને અપાયેલ મંજુરી ના ભાવપત્રક ની રકમ ભરપાઈ થયા બાદ, સામાન્ય એવી પેઈડ પેન્ડીગ પ્રાયોરીટી હેઠળ મુકવાની જોગવાઈ છે. પરંતુ, પેઈડ પેન્ડીગ પ્રાયોરીટી હેઠળ રહેલ આવા જોડાણો ને, અગ્રીમતાના ધોરણે ચાલુ કરવાની જોગવાઈ નથી. જેથી, સદર નિયમ મુજબ જ, પીજીવીસીએલ ની સબંઘક કચેરી તરફથી, અરજદાર શ્રી ને, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ નુ, અગ્રીમતાના ધોરણ હેઠળ નુ ભાવપત્રક આપી, અને તે મુજબ સદર કેઈસ મા, ભાવપત્રક ભરપાઈ થયાની તા.૨૧–૦૬–૧૬ થી, પેઈડ પેન્ડીગ પ્રાયોરીટી હેઠળ ની, સામાન્ય પ્રતિક્ષાયાદીમા મુકાયેલ છે. હાલ ના તબ્બકે, આ મુજબ ની '' પેઈડ પેન્ડીગ પ્રાયોરીટી હેઠળ ની, સામાન્ય પ્રતિક્ષાયાદીમા – કુલ ૧૦૮ ખેતીવાડી વીજજોડાણો ને સમાવવામા આવેલ છે.'' જેથી, હવે અરજદાર શ્રી ની તા.૨૧–૦૬–૧૬ ની પેઈડ પેન્ડીગ પ્રાયોરીટી હેઠળ નો ક્રમ આવ્યે, તેમને તેમની માંગણી મુજબ નુ ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ નુ, સામાન્ય યોજના હેઠળ નુ, નવુ ખેતીવાડી વીજજોડાણ ચાલુ કરવાની કાર્યવાહી હાથ ઘરવામા આવશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર શ્રી તરફથી રજુ થયેલ લેખીત ફરીયાદ અરજી, લેખીત રજુઆત, તેમજ મૌખીક ચર્ચાઓ વગેરે બાબતો તેમજ મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે વિવરણ કરાયેલ તમામ બાબતો, તથા પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ લેખીત અહેવાલ સાથે ના દસ્તાવેજીક પેપર્સ, તેમજ મૌખીક ચર્ચાઓ વગેરે મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે વિવરણ કરેલ તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચેના મુદદાઓ મા વર્ણવેલ વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી, એસસી કેટેગરી હેઠળ ના છે. તેઓ શ્રી નુ, સામાન્ય યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે – પીજીવીસીએલ તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ ના કવોટા અન્વયે, જોડાણ ને મંજુર કરી, અને ૭.૫% રીઝર્વેશન કેટેગરી હેઠળ ની મંજુરી અન્વયે નુ, રૂ.૭,૮૫૩/– નુ ભાવપત્રક નં. : ૧૮૭૨, તા.૧૦–૦૬–૧૬થી આપવામા આવેલ હતુ. જેની રકમ અરજદારે તા.૨૧–૦૬–૧૬ ના રોજ પીજીવીસીએલ ની સબંઘક પેટા વિભાગીય કચેરી મા ભરપાઈ કરી આપેલ છે. તેમજ, તા.૨૨–૦૬–૧૬ ના રોજ કરારનામુ પણ કરી આપેલ છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, સદર જોડાણ ને, '' સામાન્ય પ્રકાર ની પેઈડ પેન્ડીગ પ્રાયોરીટી હેઠળ, અન્ય આવા સામાન્ય પ્રકાર ના કુલ ૧૦૮ પેઈડ પેન્ડીગ અરજદારો સાથે ની પ્રાયોરીટી હેઠળ '' મુકવામા આવેલ છે. પરંતુ, અરજદાર શ્રી ના સદર પેઈડ પેન્ડીગ કેઈસને, જે તે વર્ષ ના ૭.૫ % લક્ષ્યાંક હેઠળ, જે તે વર્ષે આવા જોડાણો ચાલુ કરવા માટે ની, અલગ પ્રાયોરીટી હેઠળ મુકવામા આવેલ નથી. |
| **૩.૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી, અરજદાર શ્રી ની મુળ તા.૧૭–૦૨–૧૪ ની અરજી ને, '' ખરેખર કયા વર્ષ ના – ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ ના કવોટા મા આવરી લઈ અને ભાવપત્રક આપી અને ભાવપત્રક ની રકમ સ્વીકારી અને જોડાણ મંજુર કરાયેલ છે? તેમજ, આ જોડાણ મા ભાવપત્રક ની રકમ ભર્યા તા.૨૧–૦૬–૧૬ ને, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ, ખરેખર કયા વર્ષ ના – ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ ના કવોટા / લક્ષ્યાંક હેઠળ સમાવવામા આવેલ છે? તે બાબતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફોરમ સમક્ષ સ્પષ્ટતા કરેલ નથી. આમ, આ બાબતે પીજીવીસીએલ પક્ષકાર અસ્પષ્ટ રહેલ છે. |

| | |
|---|---|
| ૩.૩ | એસસીએસટી કેટેગરી હેઠળ ના, નવા ખેતીવાડી વીજજોડાણ મેળવનાર અરજદારો ને, પ્રતિવર્ષ – ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ ની, જંમ્પીગ (અગ્રીમતા) પ્રાયોરીટી હેઠળ આવરી લઈ, અને તે મુજબ, જે તે વર્ષે, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ ના જોડાણો ચાલુ કરવાની, ભારત સરકારશ્રી ની, નીતિ અન્વયે ની જોગવાઈ દર્શાવતો, '' ભારત સરકારશ્રીના ઉર્જા ખાતા નો '' અગાઉ નો, અગાઉ ની જીઈબી મા અપાયેલ મુળ પત્ર ( D.O.No. 42/12/89-J(RE) DTD: 09-06-1989) અમલાવરી મા છે. જે અન્વયે, અગાઉ ની જીઈબી, તેમજ હાલ ના જીયુવીએનએલ તરફથી, પીજીવીસીએલ ની સબંધક કચેરીઓને વારંવાર ના– જીઈબી ના પરીપત્રો (અનુક્રમે(૧) ઓએમઆર/૧૮૯૯ તા.૧૭–૦૬–૧૯૮૯ (૨) ઓએમઆર/૧૨૭૨ તા.૦૯–૦૫–૧૯૯૦ (૩) ઓએમઆર/૩૯૨૭ તા.૧૦–૧૨–૧૯૯૦ (૪) ઓએમઆર/૩૧૨ તા.૦૬–૦૨–૧૯૯૨ (૫) ઓએમઆર/૧૩૯૫ તા.૧૮–૦૬–૧૯૯૨ (૬) ઝોનલ કચેરી રાજકોટ ના પરીપત્ર નંબરઃ ૯૨૭/ ૩૧.૦૫.૯૫ (૭) હાલ ના પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/ડીએસઓ/૮૯૬, તા.૨૭–૦૪–૧૫, વગેરે પરીપત્રો, તેમજ આ ઉપરાંત ના અન્ય એવા અદ્યતન પરીસ્થિતી ના પરીપત્રો મા પણ, '' સદર પ્રકાર ના ૭.૫ % રીઝર્વેશન કેટેગરી ના'' જોડાણો ને, પ્રતિવર્ષ, અગ્રીમતા હેઠળ, જોડાણો ચાલુ કરવાની જોગવાઈ છે. પરંતુ, આ કેટેગરી ના જોડાણકારો ને, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ, મંજુર કરી અને માત્ર ભાવપત્રક આપવા પુરતી જ જોગવાઈ નથી. જયારે સદર કેઈસ મા પીજીવીસીએલ તરફથી, '' માત્ર મંજુરી અન્વયે ના ભાવપત્રક આપવા પુરતી જ જોગવાઈ'' ની અમલવારી થયેલ હોવાનુ ફોરમ કમિટી ને જણાયેલ છે. જેથી, પીજીવીસીએલ પક્ષકાર ને, સદર પ્રકાર ની કેટેગરી ને, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ ના, જે તે વર્ષ ના કુલ લક્ષ્યાંક હેઠળ ના જોડાણો મા આવરી લઈ, અને તે મુજબ અગ્રીમતાના ધોરણે, જે તે વર્ષ ના લક્ષ્યાંક હેઠળ, સદર જોડાણો ચાલુ કરવા બાબતે ની, સદર બાબત ની નિયમાવલીનો ફરી એક વખત ઉંડાણ પૂર્વક અભ્યાસ કરવાનુ, તેમજ આ બાબતે સક્ષમ એવી નિગમીત કચેરીનુ માર્ગદર્શન મેળવવા માટે, પીજીવીસીએલ પક્ષકાર ને, ફોરમ કમિટી તરફથી સુચન કરવામા આવે છે. |
| ૩.૪ | આમ, એસસી કેટેગરી ના, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણકારો ને, ઉપરોકત મુદદા નં. ૩.૩ મા વર્ણવેલ વિગત મુજબ, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવી સરકાર શ્રી પ્રારીત નિયમાવલી અન્વયે ના, અગાઉ ની જીઈબી તેમજ હાલ ની પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ પરીપત્રો મા કરાયેલ સ્પષ્ટતાઓ અને જોગવાઈઓ અન્વયે ની કરાયેલ વ્યાખ્યા મુજબ, સદર પ્રકાર ના, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ ના, નવા ખેતીવાડી વીજજોડાણકારો ને, જે તે વર્ષ ના ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ, માત્ર મંજુરી અન્વયે નુ ભાવપત્રક આપવાની બાબત જ પુરતી જ નથી પરંતુ, જે તે વર્ષ માટે મુકરર કરેલ, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળના કુલ જોડાણો ના લક્ષ્યાંક સામે, જો આ મુજબ ની કેટેગરી ના પેઈડ પેન્ડીગ જોડાણકારો ને, પેઈડ પેન્ડીગ અગ્રીમતા હેઠળ જોડાણ આપવા બાબત ની, જે તે વર્ષ ના લક્ષ્યાંક મા શકયતા રહેલ હોય તો, તે બાબત ને નિયમાધીન રીતે ધ્યાને લઈને, અરજદાર શ્રી નુ, હાલ ના તબ્બકે, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ મંજુર કરાયેલ અને , પેઈડ પેન્ડીગ એવી સામાન્ય પ્રતિક્ષાયાદી હેઠળ સમાવિષ્ટ થયેલ, એવા જોડાણ ને, પીજીવીસીએલ તરફથી, જે તે વર્ષ માટે, – ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ ના લક્ષ્યાંક મા સમાવિષ્ટ કરી, અને જોડાણ ચાલુ કરી શકાય. આ બાબત નિયમાધીન યોગ્ય હોવા બાબતે નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદદા નં.–૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ અને ૩.૪ મા વર્ણવેલ નિયમાધીન બાબતો તે આનુષાંગીક રહીને, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ મંજુર કરાયેલ, અને હાલ ના તબ્બકે, પેઈડ પેન્ડીગ ની સામાન્ય પ્રતિક્ષાયાદી હેઠળ સમાવિષ્ટ થયેલ, એવા અરજદાર શ્રી ના સદર મંજુર કરાયેલ જોડાણ ને, જે તે વર્ષ માટે, – ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ ના લક્ષ્યાંક મુજબ ના, કુલ જોડાણો ની સંખ્યા મા, ૭.૫ % રીઝર્વેશન કેટેગરી ની પેઈડ પેન્ડીગ પ્રાયોરીટી હેઠળ સમાવિષ્ટ કરી, અને તે મુજબ જે તે વર્ષ ના ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ ના, નિયમાધીન ચાલુ કરવા યોગ્ય એવા જોડાણો ની સંખ્યા મા, સમાવિષ્ટ કરવાની બાબત, જે સરકાર શ્રી ના ધારાધોરણ અન્વયે, પીજીવીસીએલ મા આ બાબતે રહેલ નિયમાધીન માર્ગદર્શક પરીપત્રો અન્વયે ની બાબત છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ ને આ બાબત હેઠળ આવરી લઈ અને, તેમનુ જોડાણ જે તે વર્ષ ના ૭.૫ % રીઝર્વેશન કેટેગરી હેઠળ ના કવોટા / લક્ષ્યાંક હેઠળ ચાલુ કરી શકાય. આ બાબત નિયમાધીન યોગ્ય હોવા બાબતે નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી આ મુજબ નો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

( એમ.એન. ઓઝા )
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

(ટી.બી.ભીમાણી)
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..